## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... આ 'રાવ' કરવાવાળી ફિલ્મસ્ટારની પત્નીને તમારા વિશ્વભ્રમણમાં લઈ જાવ અને તેને ફાવે તે દેશમાં ઉતારી દેજો....!**

# જિલ્લા પંચાયતની પૂર્વની ચાર બેઠકો માટે ત્રિપાંખિયો જંગ

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારની મુખ્ય ચાર બેઠકો પર ત્રિપાંખિયો જંગ જામ્યો છે. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન ડી. પટેલની સામે કોંગ્રેસના મંગુબેન એસ. પટેલ તથા અપક્ષ ઉમેદવાર વચ્ચે રસાકસીનો માહોલ જામ્યો છે. ડભોડા બેઠક પરના જંગમાં ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારોની સાથે સાથે અપક્ષ ઉમેદવાર જયંતિભાઈ પટેલને પણ સારૂ સમર્થન મળી રહ્યું છે.



આ ચૂંટણીને લઈ ચિલોડા સહિતની બેઠક માટે ભાજપ અને કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારો દ્વારા પ્રચાર કાર્ય વેગવંતી બનાવી જીતના દાવાઓ સાથે ઝંઝાવાતી સભાઓ, બેઠકો કરી લોકસંપર્ક કરી રહ્યા છે. આ ઉપરાંત મતદારોને પોતાના પક્ષમાં મતદાન કરવા અને પ્રચારના ભાગરૂપે બાઈકરેલી પણ યોજી રહ્યા છે. આમ ચિલોડા સહિતની બેઠક પર ઉમેદવારો ચૂંટણીમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી દરમિયાન પોલીસનો સઘન બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૨૬

આગામી તા. ૨૯મી નવેમ્બરના રોજ રાજ્યભરમાં યોજાનાર તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ શાંતિપૂર્વક ચૂંટણીની પ્રક્રિયા પુરી કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા સઘન આયોજન કરવામાં આવેલ છે.

આ ચૂંટણી દરમિયાન ડી.વાય.એસ.પી., પી.આઈ. કક્ષાના કુલ ૮૭ અધિકારીઓ, એ.એસ.આઈ., હે.કો., પો.કો. તેમજ ફોરેસ્ટ ગાર્ડ કુલ ૧૧,૦૨૯ અને હોમગાર્ડ કુલ ૪૮,૮૦૦ જવાનો ફરજ બજાવશે.

આ ઉપરાંત એસ.આર.પી.ની કુલ ૧૧૭ કંપનીઓની સાથે મહિલા એસ.આર.પી.એફ.ની કુલ ૩, આઈ.ટી.બી.પી.ની કુલ ૧૦, બી.એસ.એફ.ની કુલ ૨૦, સી.આર.પી.એફ.ની કુલ ૧૩, આર.એ.એફ.ની કુલ ૪ કંપનીઓ ફરજ બજાવશે. આ ઉપરાંત અન્ય રાજ્યોમાંથી આર.એ.સી.ની કુલ ૬, આર.બી.ડબલ્યુ.એચ.જી.ની ૫, એમ.એચ.ની ૧૦, એમ.પી.ની ૫ કંપનીઓ ફરજ બજાવશે. આમ કુલ ૧૯૩ કંપનીઓ રાજ્યમાં શાંતિથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા સારૂ ફરજ પર તૈનાત રાખવામાં આવશે.

## સ્લોવેનીયાનું ૧૧ સભ્યોનું પાર્લામેન્ટરી ડેલીગેશન ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૬

યુગોસ્લાવીયાથી ૧૯૯૧માં અલગ પડ્યા બાદ સ્વતંત્ર દેશ તરીકે અસ્તિત્વમાં આવેલ સ્લોવેનીયાનું ૧૧ સભ્યોનું પાર્લામેન્ટરી ડેલીગેશન ૨૪મી નવેમ્બરથી ગુજરાતની મુલાકાતે આવ્યું છે. આ ડેલીગેશન ૩૦ નવેમ્બર સુધી ગુજરાતની મુલાકાત લેનાર છે તેમ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રીની યાદીમાં જણાવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નેશનલ એસેમ્બલી સ્લોવેનીયાના પ્રમુખશ્રી મિલાન્ટ બર્ગબોજની અધ્યક્ષતામાં આવેલ પ્રતિનિધિમંડળે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઈ પરમારની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ઉપાધ્યક્ષશ્રી પરમારે ગુજરાત વિધાનસભાની ૫૫ વર્ષની સંસદીય કાર્યરીત અને પ્રણાલીઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. અને ભારતની આઝાદીમાં પૂ. ગાંધી બાપુ તથા સરદાર સાહેબે આપેલા યોગદાન તથા સ્વતંત્રતા બાદ સંસદીય કાર્યરીતિના ઘડતરમાં ગુજરાતના સપૂત સ્વ. દાદાસાહેબ માવળંકરે આપેલ યોગદાનથી માહિતગાર કર્યા હતા. આ માહિતીથી ડેલીગેશન પ્રભાવિત થયું હતું.

ઉપાધ્યક્ષની આ મુલાકાત વેળાએ શાસક પક્ષના દંડકશ્રી અજયભાઈ ચોકસી, વૈદ્યાનિક અને સંસદીય બાબતોના સચિવો સર્વશ્રી એચ.ડી. વ્યાસ, શ્રી સી.જે. ગોષ્ઠી, વિધાનસભાના સચિવશ્રી ડી.એમ. પટેલ, અધિક સચિવશ્રી એમ.જે. પરમાર ઉપસ્થિત રહી માહિતી આપી હતી.

## હાટકેશ્વર પાસે એક્ટિવા ડિવાઈડર સાથે ટકરાતા બેનાં મોત

### મૃતક બંને શહેરના વિદ્યાર્થીઓ હતા

અમદાવાદ, તા.૨૬

શહેરનાં હાટકેશ્વર પાસે આવેલા ગુરુજી ઓવર બ્રીજ પરથી બે વિદ્યાર્થીઓ એકટીવા લઈ પસાર થતા અકસ્માત થયું હતું. આ અકસ્માતમાં બંને વિદ્યાર્થીઓના ઘટના સ્થળે જ કરૂણ મોત થયા હતા. આજે સવારે બંને વિદ્યાર્થીઓ સેવન ડે સ્કુલમાંથી છુટીને ગુરુજી ઓવર બ્રીજ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના બનતા લોકોની ટોળા એકઠા થયા હતા. આ ઘટનાની જાણ ખોખરા પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સૂત્રો મુજબ, શહેરના હાટકેશ્વર પાસે આવેલા ગુરુજી ઓવર બ્રીજ પરથી સેવન ડે સ્કુલમાં ભણતા બે વિદ્યાર્થીઓ એકટીવા પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન એકટીવા પર કાબુ ગુમાવતા તેઓ ડીવાઈડર સાથે અથડાયા હતા અને અકસ્માત એટલો ગંભીર હતો તેમનું એકટીવા ઘણા દુર સુધી ઢસડાયું હતું. આ અકસ્માતમાં બંને વિદ્યાર્થીઓના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ ખોખરા પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. આ અંગે ખોખરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેર નિવિદા નં. ૯ સને ૨૦૧૫-૨૦૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગ યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૨ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૩૫,૩૫૦-૦૦ થી રૂ. ૪૯,૧૫૧.૭૭ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૧૨/૨૦૧૫ છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૧૦/૧૨/૨૦૧૫ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૮૭૩/૧૫-૧૫

# શહેરમાં સ્ટ્રીટલાઈટના ૨૦ ટકા થાંભલાઓ કાયમી ધોરણે બંધ હાલતમાં

## વીજબિલ પાછળ કરોડોનું ખર્ચ છતાં શહેરીજનો પ્રાથમિક સુવિધાથી વંચિત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટનું અજવાળુ પાથરવા માટે વર્ષે કરોડો રૂપિયાનું તોતીંગ ખર્ચ કરવામાં આવે છે. આમ છતાં શહેરમાં સ્ટ્રીટલાઈટના ૨૦ ટકા થાંભલાઓ કાયમી હાલતમાં બંધ જોવા મળે છે. સ્ટ્રીટલાઈટના બીલ પાછળ પુરૂ ચૂકવણું કરીને તોતીંગ ખર્ચ કરવામાં આવે છે. પરંતુ સેક્ટરવાસીઓની ફરીયાદોનું કોઈ નિરાકરણ આવતુ નથી.



શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટની સુવિધા ખાડે ગઈ છે. સ્ટ્રીટલાઈટની જાળવણીનું કામ સંભાળતી ટોરેન્ટ પાવર લિમિટેડ નાગરિકોની ફરીયાદો નિવારવામાં નિરસતા દાખવતી હોવાનું આક્રોશ પ્રબળ બન્યો છે. સે. ૨-સીમાં રહેતા હેમેન્દ્ર ભટ્ટે આ અંગે રજૂઆતમાં જણાવ્યાઅનુસાર ગાંધીનગર શહેરના સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટના ઘણાખરા થાંભલા બંધ જોવા મળે છે. સેકટરોમાં ૨૦ ટકા થાંભલાઓ કાયમી ધોરણે બંધ હોવાથી આ વિસ્તારમાં અંધારપટ છવાયેલો રહે છે.

સરકાર દ્વારા સ્ટ્રીટલાઈટના બીલ પેટે પુરા બિલની ચુકવણી કરવામાં આવે છે. આમ છતાં સેકટરવાસીઓ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહી જાય છે. બીજી તરફ ગ્રાહકોની ફરિયાદ સાંભળનાર પણ કોઈ ન હોય તેવી સ્થિતિ સર્જાય છે, જેના કારણે ગ્રાહકોની ઘણી તકલીફ વેઠવી પડે છે. અગાઉ ફરિયાદ માટે જે સંપર્ક નંબર કાર્યરત હતો તે પણ બંધ છે. સ્ટ્રીટલાઈટ સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી માંગણી તેમણે કરી છે.




**મહાઆરતી** - ઝુલેલાલ ધામ ખાતે નિર્માણ પામેલ સાંઈમંદિરનો પાંચમો પાટોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો... સાંજે પાંચ વાગ્યે સાંઈબાબાની મહાઆરતી યોજાઈ હતી... મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# ક્યારેય સ્કૂલ ન ગયાં હોય એવાં બાળકો ગુજરાતમાં ૧૪ લાખ

## ભારતમાં ૬થી ૮ વર્ષની વયના ક્યારેય સ્કૂલ નહીં ગયેલા બાળકોની સંખ્યા ૨.૧૩ કરોડની છે : અહેવાલમાં દાવો

અમદાવાદ, તા.૨૬

સૌથી વિકસિત ગણાતા ગુજરાત રાજ્યમાં પણ શિક્ષણને લઈને કેટલીક બાબતો સપાટી ઉપર આવી છે જે ચિંતા ઉપજાવે તેવી રહી છે. આમા જાણવા મળ્યું છે કે, ગુજરાતમાં પણ છથી ૧૮ વર્ષની વય ગ્રુપમાં ૧૪.૯૩ લાખ બાળકો એવા છે જે ક્યારે પણ સ્કુલમાં ગયા નથી.

વસતી ગણતરીના આંકડા ઉપરથી આ બાબત સ્પષ્ટ થાય છે. મળેલી માહિતી મુજબ ક્યારે પણ સ્કુલ નહીં ગયેલા બાળકોની વાત કરવામાં આવે તો ૬થી૮ વર્ષની વય ગ્રુપના ભારતમાં આવા બાળકો ૨.૧૩ કરોડ છે જ્યારે ગુજરાતમાં ક્યારેય સ્કુલ નહીં ગયેલાઓની સંખ્યા ૬થી ૮ વર્ષની વયમાં ૭.૩૮ લાખ જેટલી છે જ્યારે ૯થી ૧૧ વર્ષની વયમાં ગુજરાતમાં આવા બાળકોની સંખ્યા બે લાખ જેટલી છે જ્યારે ભારતમાં આવા બાળકોની સંખ્યા ૦.૬૭ કરોડમાં છે. આ આંકડા ચિંતા ઉપજાવે તે પ્રકારના છે. સૂત્રોનું કહેવું છે કે, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશ ઉત્સવના ભાગરુપે ૧૦૦ ટકા નોંધણીનો દાવો કરેલો છે પરંતુ આમા ઘણી બધી ખામીઓ દેખાઈ રહી છે.

આંકડા દર્શાવે છે કે ૧૪.૯૩ લાખ બાળકો અને આ વય ગ્રુપમાં યુવાનો ક્યારેય સ્કૂલ ગયા નથી તેવા ખુબ મોટી સંખ્યામાં છે. બાળકીઓમાં આ ટકાવારી ૫૩ ટકા છે. અધિકારીઓનું કહેવું છે કે, છથી ૧૦ વર્ષની વયમાં આવા વિદ્યાર્થીઓની સંખ્યા પણ લાખોમાં છે.

તમામ આંકડા વસતી ગણતરીના આંકડા પરથી જારી કરવામાં આવ્યા છે. રાજ્યમાં ક્યારેય સ્કુલ નહીં ગયેલા વિદ્યાર્થીઓની વાત કરવામાં આવે તો વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓના આંકડા પણ ખુબ વધારે છે. વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે જ્યારે બાળકીઓની સંખ્યા પણ ઓછી નથી. શિક્ષણના ક્ષેત્રમાં ઘણા સુધારાઓની જરૂર છે તેવા સંકેત આ આંકડા પરતથી મળી જાય છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં ક્યારેય સ્કુલ નહીં ગયેલા બાળકોના આંકડા જારી કરવામાં આવ્યા હતા જે ચિંતા ઉપજાવે તે પ્રકારની છે.

### ભારત-ગુજરાતના આંક

અમદાવાદ,તા. ૨૬

ગુજરાત અને ભારતમાં ક્યારેય પણ સ્કૂલ નહીં ગયેલા જુદી જુદી વય ગ્રુપના બાળકો અને બાળકીઓની સંખ્યા ખુબ મોટી છે. ભારત અને ગુજરાતના આંકડા નીચે મુજબ છે.

| વય ગ્રુપ | ભારત (કરોડમાં) | ગુજરાત (લાખમાં) |
|---|---|---|
| ૬-૮ વર્ષ | ૨.૧૩ | ૭.૩૮ |
| ૯-૧૧ વર્ષ | ૦.૬૭ | ૨.૦૦ |
| ૧૨-૧૪ વર્ષ | ૦.૫૬ | ૧.૮૪ |
| ૧૫-૧૮ વર્ષ | ૧.૦૩૩ | |

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ચૂંટણી નથી પણ લગ્નસરાની મોસમનો માહોલ બરાબર જામ્યો છે.
- રાજ્યના પૂર્વ મુખ્ય સચિવશ્રી ડી. જે. પાંડિયનની ભારત સરકારે "ગેલ"માં ડિરેક્ટર પદે નિયુક્તી કરી છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતગણતરી, રિસીવીંગ ડિસ્પેચીંગ સ્ટાફની તાલિમનો કાર્યક્રમ આજે યોજવામાં આવ્યો હતો.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ જિલ્લાની કચેરીઓ આજે સુમસામ લાગતી હતી.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા મતદારોના સંપર્ક અભિયાનના ભાગરૂપે મતદાર સ્લીપોનું વિતરણ શરૂ થયું છે.
- ગાંધીનગર શહેરની કેટલીક શાળાઓમાં આજથી દિવાળી વેકેશન પૂર્ણ થતાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે તો સોમવારથી બધી શાળાઓમાં બાળકોનો કલરવ ગુંજતો થશે.
- ખ્યાત કલાકાર, સફળ અભિનેતા સિદ્ધાર્થ રાંદેરિયા ગાંધીનગરના મહેમાન બની રહ્યા છે. તા. ૩૦ નવેમ્બરથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સભ્યો માટે આયોજિત નાટક 'ગુજ્જુભાઈ બન્યા દબંગ'ની રજૂઆત ૯ દિવસ માટે થઈ રહી છે એ નિમિત્તે સિદ્ધાર્થભાઈ ગાંધીનગર આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સફળ નીવડેલી તેમની ગુજરાતી ફિલ્મ 'ગુજ્જુભાઈ ધી ગ્રેટ' પછી તેમના આગમન માટે ગાંધીનગરમાં રોમાંચ વ્યાપી રહ્યો છે.

# અમીરખાન મુદ્દે નગરજનોનો સોશ્યલ મીડિયા પર આક્રોશ

## વ્હોટસએપ, ફેસબુક તથા બ્લોગ સહિતના વિવિધ સોશ્યલ મિડીયા પર કોઈકે અભિનેતાને ગંભીર સવાલો કર્યા તો કોઈકે ઠેકડી ઉડાવી

ગાંધીનગર, તા. ૨૬

સુપ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા આમીરખાને અસહિષ્ણુતાને મુદ્દે આપેલા બયાનને પગલે તેમના પર દેશભરમાંથી ફીટકાર વરસાવાઈ રહ્યો છે. ગાંધીનગરમાં પણ નગરજનો વ્ટોસએપ, ફેસબુક, ટ્વીટર તથા અન્ય સોશ્યલ મિડીયા દ્વારા પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. આ સાથે ઘણા નેટીઝન્સ, વિવિધ ટુચકાઓ દ્વારા અભિનેતાના વલણની હાંસી ઉડાવતા માર્મિક કટાક્ષ પણ કરી રહ્યાં છે.

સોશ્યલ મિડીયા પર આમીરખાન પર છેલ્લા ત્રણ દિવસથી સતત ટીકાઓનો વરસાદ થઈ રહ્યો છે. 'લગાન', 'સરફરોશ' અને 'રંગ દે બસંતી' જેવી ફિલ્મો દ્વારા દેશભક્તિની ભાવના જગાવનાર તથા 'સત્યમેવ જયતે' જેવા ટીવી શૉ દ્વારા સમગ્ર દેશમાંથી વિવિધ સામાજિક મુદ્દે અવાજ ઉઠાવી રાષ્ટ્રપ્રેમીની છાપ ઉપસાવનાર આ અભિનેતા એકાએક દેશવાસીઓની નજરમાં 'વિલન' જણાઈ રહ્યો છે. અભિનેતાના બેજવાબદાર નિવેદનના કારણે ચાહકોના હૃદયને ઘણી મોટી ઠેસ વાગી છે અને નારાજ ચાહકો સોશ્યલ મિડીયા પર તેમનો આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે. ગાંધીનગરના ચાહકો પણ આ વિરોધ વ્યક્ત કરવામાં અગ્રેસર રહેવા પામ્યા છે અને વિવિધ બ્લોગ, વ્હોટસએપ પોસ્ટ તથા કોમેન્ટસ દ્વારા પોતાની લાગણી વ્યક્ત કરી રહ્યું છે.

નગરજનો પોતાના આક્રોશમાં અભિનેતા આમીરખાનને સવાલ કરી રહ્યાં છે કે જો ભારત સલામત નથી તો વિશ્વનો કયો દેશ સલામત છે તે જણાવો. જે દેશમાં તસ્લીમા નસરીન આશરો લેવાનું પસંદ કરતી હોય કે સલમાન રશ્દી આવવાનું વિચારતા હોય તે દેશ કેવી રીતે આપને અસુરક્ષિત લાગે છે. જે દેશના બહુમતી લોકોના ધર્મની ઠેકડી ઉડાડતી આપની ફિલ્મ અબજો રૂપિયા કમાઈ શકતી હોય તે દેશના નાગરિકો આપને કેમ એકાએક અસહિષ્ણુ લાગવા લાગ્યા તેવા સવાલો ચાહકો પુછી રહ્યાં છે. આ સાથે ચાહકો વિવિધ ટુચકા, કટાક્ષ અને ચિત્રો સાથેના 'ફની' કેપ્શન્સ વડે આમીરખાનની ઠેકડી પણ ઉડાવી રહ્યાં છે. જોકે જે અભિનેતાને તેના ધર્મ કરતા કાર્યને કારણે દિલથી ચાહના પ્રાપ્ત થઈ રહી હતી તેના અગમ્ય કારણોસર કરાયેલા સંપૂર્ણ બેદરકારીભર્યા અને બેજવાબદાર નિવેદને તમામ ચાહકોને ખૂબ નિરાશ કર્યા છે.



ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામે સાબરમતી નદીના કિનારે સ્થિત સુખડેશ્વર મહાદેવ મંદિરે ૧૨૧ કુંડી પંચ દિવસીય મહાયજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞમાં પેથાપુરના ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પંચ દિવસીય યજ્ઞમાં લાખો ભાવિકોએ ભાગ લીધો હતો. સુખડેશ્વર મહાદેવના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે ગામમાં ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. પેથાપુરના ગ્રામજનો દ્વારા રંગેચંગે મહાયાગની ઉજવણી કરવામાં આવી હતી.